SEAT No.__________

[I-G] No. of Pages: 03

# SARDAR PATEL UNIVERSITY

## B Ed (Semester I) Examination
## October 07, 2017,Saturday
## Time: 10.00 a.m. to 11.30 a.m.
## UE01CBD201
## Reading and Reflecting on Texts

કુલ ગુણ : ૩૫

સુચના: પ્રશ્નપત્રમાં કુલ ચાર પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજીયાત છે.
જમણી બાજુના માર્ક્સ પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.

પ્રશ્ન: ૧ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના ઉત્તરો આપો. ૦૮

૧ "ચિંતન વિનાનું વાંચન નિરર્થક છે."-સમજાવો

૨ ડો. વિલિયમ એસ ગ્રેના વાંચનના સોપાનોમાંનું "અર્થગ્રહણ " સોપાન સ્પષ્ટ કરો.

3 વિવેચનાત્મક વાંચન અને સર્જનાત્મક વાંચન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

૪ મુખવાંચનનો અર્થ સ્પષ્ટ કરો.

૫ વાંચન દ્વારા બોધાત્મક વિચારણાનો વિકાસમાં 'પ્રશ્નો'નું મહત્વ જણાવો..

પ્રશ્ન: ૨ નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ બે પ્રશ્નોના ઉત્તરો આપો. ૧૦

૧ "શિક્ષણ : ભીતરનો ખજાનો" પુસ્તકમાંથી લીધેલ નીચેના પરિચ્છેદના વાંચનને આધારે પ્રશ્નનો ઉત્તર આપો

*શિક્ષકનું કાર્ય ફક્ત માહિતી કે જ્ઞાન પસાર કરવા પુરતું મર્યાદિત નથી, પરંતુ તેનું કાર્ય જ્ઞાનના કોઈ એક વિધાનને, કોઈ એક ચોક્કસ સંદર્ભમાં પ્રશ્નરૂપે કરવાનું છે. અને પ્રશ્નોને યથાર્થ દર્શનના સંદર્ભમાં મુકવાના છે. જેથી શીખનાર તેના ઉકેલોને વિશાળ ક્ષેત્રના પ્રશ્નો સાથે જોડી શકે.*

પ્રશ્ન: શિક્ષકની ઉપરોક્ત ભૂમિકાના સંદર્ભમાં તમારા વિષયના અધ્યાપન દરમિયાન તમે શું શું કરશો તે ઉદાહરણ સાથે ચર્ચો.

૨ "સિદ્ધાર્થ" લઘુનવલકથામાંથી લેવાયેલ નીચેનો અંશ વાંચી પ્રશ્નનો ઉત્તર આપો.

*હવે હું સિદ્ધાર્થથી ભાગવાનો પ્રયત્ન નહિ કરું. હવે હું આત્મા પર , જગતના દુઃખો પર મારા વિચારો કેન્દ્રિત નહિ કરું.ખંડેર પાછળનું રહસ્ય પામવા મારી જાતને ખંડેર નહિ બનાવું, તેનો વિનાશ જ નહિ સર્જું.....હું મારી જાત પાસેથી જ શીખીશ, મારો જ શિષ્ય બનીશ.મારી જાત પાસેથી હું સિદ્ધાર્થનું રહસ્ય પામીશ.*

પ્રશ્ન: સિદ્ધાર્થના "સ્વ" પાસેથી શીખવાના નિર્ણયને વધાવતો સંવાદ રચો.